Member of
CREDAI GUJARAT

CONFEDERATION OF REAL ESTATE DEVELOPERS ASSOCIATION OF INDIA - SURAT
3rd Floor, Association Office Building, Nr. Surat International Exhibition And Convention Center, Khajodd Chokdi, Sarsana, SURAT-395007.
Tele: +91 73839 33777 | Email: info@credai-surat.com | Website: www.credai-surat.com

CREDAI SURAT

Ref.No. : CREDAI/SRT/F26/25/2022

તા.૨૮/૦૪/૨૦૨૨

પ્રતિ,
**કમિશ્નરશ્રી**
ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ વિભાગ,
બ્લોક-૧૫, જીવરાજ મહેતા ભવન,
સેકટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦

**વિષય : બિલ્ડીગમાં માટી-ખોદાણ માટેની રોયલ્ટી વસુલવા તથા બિલ્ડીગ કન્સ્ટ્રકશનની સાઇટ પરથી માટી-ખોદાણની રોયલ્ટીનાં નાણાં વિકાસ પરવાનગી વખતે વિકાસ પરવાનગી આપતી આથોરીટી દ્વારા વસુલવા બાબતે...**

મહોદયશ્રી,

સવિનય સહ ઉપરોકત વિષય સંદર્ભે આપશ્રીને જણાવવાનું કે, અમો ક્રેડાઇ-સુરત દ્વારા ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ વિભાગમાં ઘણા વખતથી પડતર રહેલા પ્રશ્નની આપ સમક્ષ રજુઆત કરીએ છીએ.

૧. **બિલ્ડીગમાં માટી-ખોદાણ માટેની રોયલ્ટી વસુલવા બાબતે...**

કોઇપણ બાંધકામની જગ્યામાં માટી ખોદાણની અરજી વખતે માટીના વજનની ગણતરીને જગ્યામાં ધ્યાનમાં લઇ ટન નાં યુનિટ પ્રમાણે રોયલ્ટીની પરમીશન અપાતી હોય છે. આ બાબતે જણાવવાનું કે, ખાણ ખનીજ ખાતું માટીનું **વજન સ્પેસીફીક ગ્રેવીટીથી** ગણતા હોય છે. ખરેખર માટીનું વજન Bulk Density થી ગણવાનું હોય છે.

જીઓલોજી ડીપાર્ટમેન્ટ બેક ફિલીગનાં વજનની ગણતરી માટે Dry Density પ્રમાણે ગણતરી કરે છે. પરંતુ તેની ગણતરી Compact Soil ના વજન થાય તે રીતે એટલે કે Bulk

| | | | | | |
|---|---|---|---|---|---|
| RAVJI PATEL<br>Chairman<br>99252 05961 | SANJAY MANGUKIYA<br>President<br>98251 22383 | G.R. ASODARIA<br>Vice- President<br>98251 43517 | DR. JIGNESH PATEL<br>Vice- President<br>93755 44000 | VIJAY DHAMELIA<br>Vice- President<br>98258 00402 | BHAVESH SANGHAVI<br>Hon. Secretary<br>98251 20206 |
| AMAR RAVAL<br>Hon. Jt. Secretary<br>98251 26001 | TUSHAR LAKHANI<br>Hon. Jt. Secretary<br>98259 05444 | UMESH PATEL<br>Hon. Jt. Secretary<br>98251 35657 | DIPAN DESAI<br>Treasurer<br>98241 14798 | HARESHBHAI MOTISARIYA<br>Jt. Treasurer<br>98243 55311 | HARSHIL DELIWALA<br>Chief Co-ordinator<br>98251 40401 |

બંનેમાં Bulk Density પ્રમાણે ગણતરી કરવાની થાય. પરંતુ તે રીતે ગણતરી નહી કરતા બેક ફિલીંગ કરતાં વધેલી છે તેવી ગણતરી કરીને માટીનું વેચાણ કરેલ છે. તેવું અનુમાન કરીને પેનલ્ટી વસુલવાની નોટીસો આપવામાં આવે છે.

હાલમાં ૨૦,૦૦૦ M. ટન સુધીની પરમીશન લોકલ લેવલ એટલે જીલ્લા લેવલથી જીયોલોજી ડીપાર્ટમેન્ટ તરફથી આપવામાં આવે છે. પરંતુ હાલમાં CGDCR મુજબ દરેક પ્રોજેકટમાં ડબલ બેઝમેન્ટ આવતા હોવાથી દરેક વખતે સરકારશ્રીમાં પરમીશન લેવાની થતી હોવાથી વહીવટી પ્રક્રિયામાં ઘણો ટાઇમ થાય છે. તેથી જેટલુ પણ ખોદાણ હોય તેને લોકલ લેવલે એક સાથે પરમીશન આપવામાં આવે અને અરજીમાં માંગણી મુજબની સમય-મર્યાદા કરી આપવા માટે વિનંતિ છે.

**ગુજરાત મીનરલ એન્ડ કન્સેશન રૂલ્સ-૨૦૧૭ નાં Exemption મુજબ**

Mines and Minerals (Development and Regulation) Act, 1957 (67 of 1957)

***Gujarat Minor Mineral Concession Rules, 2017***

**27. Digging of wells and foundation for building.** - The digging of wells for water and foundation for building and disposal of the minor mineral extracted thereof shall not require a mineral concession.

**૨. બિલ્ડીગ કન્સ્ટ્રકશનની સાઇટ પરથી માટી-ખોદાણની રોયલ્ટીનાં નાણાં વિકાસ પરવાનગી વખતે વિકાસ પરવાનગી આપતી આથોરીટી દ્વારા વસુલ કરવા બાબતે...**

માટી ખોદાણની રોયલ્ટીનાં નાણાં વિકાસ પરવાનગી આપતી આથોરીટી દ્વારા વસુલવામાં આવે તો અરજાદારને કચેરીઓની લાંબી પ્રોસીજરમાંથી મુક્તિ મળી શકે તેમ છે. ગુજરાત સરકારના લેબર-સેસનાં નાણાં ઓથોરીટી દ્વારા વિકાસ પરવાનગી આપતી વખતે વસુલવામાં આવે છે તે સરકારની ટ્રેજરી ઓફીસના એકાઉન્ટમાં ઓટોમેટીકલી જમા થાય છે. અને સરકારને ઝડપથી નાણાં મળી જાય છે અને આ સીસ્ટમ પણ ઓનલાઇન છે.

ઓથોરીટી પાસે કેટલા બેઝમેન્ટ છે, તેનું મેજરમેન્ટ અને વિગતો હોય છે. તેથી તેની ગણતરી કરીને ઓથોરીટી નાણાં વસુલીને ગુજરાત ખાણ અને ખનીજ વિભાગમાં જમા કરાવી શકે છે. કોઇ માટો પ્રોજેકટ હોય અને ફેજ વાઇઝ ખોદાણ કરવાનું હોય તો પ્રોજેકટના પ્રોગ્રેસ રીપોર્ટનાં આધારે અલગ-અલગ ફેઝમાં બેઝમેન્ટ અને ફાઉન્ડેશનનું ખોદાણ થાય તે રીતે અરજદાર નાણાં ભરી શકે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. ખોદાણ શરૂ થાય ત્યારે બિલ્ડર્સ દ્વારા ગેટ-પાસ બનાવી આપવામાં આવે અને રોયલ્ટી નાં નાણાં ભરેલ રસીદ સાથે રાખવામાં આવે તેવી વ્યવસ્થા કરી શકાય તેમ છે.

સદર બાબતે ગુજરાત સરકારનાં શહેરી વિકાસ વિભાગ સાથે યોગ્ય સંકલન કરીને વિકાસ પરવાનગી આપતી વખતે રોયલ્ટી વસુલવાની કાર્યવાહી થાય તો ડીપાર્ટમેન્ટની પેનલ્ટીની જોગવાઇઓ અને બીજી મુશ્કેલીઓ દુર થાય અને રોયલ્ટી પારદર્શક રીતે વસુલી શકાય તેમજ સરકારશ્રીને પણ રોયલ્ટીની આવક મળી શકે. આમ, ઉપરોકત રજુઆતને ધ્યાને લઇ ઘટતુ કરવા આપશ્રીને નમ્ર વિનંતિ.

આથી ઉપરોકત અમારી રજુઆત ધ્યાને લઇ યોગ્ય કાર્યવાહી કરી શકાય તે બાબતે આપને નમ્ર વિનંતિ છે.

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **રવજીભાઇ પટેલ**<br>**ચેરમેન**<br>**ક્રેડાઇ-સુરત** | **સંજય માંગુકીયા**<br>**પ્રમુખ**<br>**ક્રેડાઇ-સુરત** | **ભાવેશ સંઘવી**<br>**માનદ્‌મંત્રી**<br>**ક્રેડાઇ-સુરત** |